# અડાલજ આસપાસ બેફામ બનેલા લુંટારૂઓને છાવરતી પોલીસ..!!

## અંબાપુરમાં જ્વેલર્સ દુકાન બંધ કરીને એક્ટીવા પર ઘરે જતા સોનીને ઝુંડાલ નજીક લુંટારૂઓએ લુંટી લીધો : પલ્સર પર ત્રણ સવારી આવેલા લુંટારૂઓએ સોનુ-ચાંદી અને રોકડ લુંટી લઈ એક્ટીવા જંગલમાં ફેંકી દીધુ : ગંભીર ગુનાની અડાલજ પોલીસે ફરીયાદ પણ ન લીધી : અરજી લઈને સોનીને હાંકી કાઢ્યા બાદ પીઆઈએ કહ્યું કે 'અમારા સુધી આવી કોઈ ઘટના આવી નથી'

ગાંધીનગર, તા. ૪

અડાલજ આસપાસના વિસ્તારમાં લુંટારૂઓનો ભોગ અનેક વાહનચાલકો બને છે. તાજેતરમાં જ તપોવન સર્કલ નજીક સીટીપલ્સના મેનેજર સાથે લુંટનો પ્રયાસ થયો હતો. દરમ્યાન ગઈ મોડી સાંજે એક સોની અંબાપુર પોતાની જ્વેલર્સ શોપથી અમદાવાદ પોતાના ઘરે એક્ટીવા લઈને જઈ રહ્યો હતો ત્યારે ઝુંડાલ નજીક તેની સાથે પણ લુંટ થવા પામી હતી. એક્ટીવામાંથી સોનુ-ચાંદી અને રોકડ રૂપીયા લુંટી લઈ જંગલમાં એક્ટીવા ફેંકીને પલ્સર પર આવેલા ત્રણ લુંટારૂઓ ભાગી ગયા. સોની અડાલજ પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરીયાદ કરવા પહોંચ્યો તો કહી દેવાયુ કે 'અત્યારે અરજી આપો, જરૂર જણાશે તો એફઆઈઆર દાખલ કરીશુ.' લુંટ જેવા ગંભીર ગુનામાં પણ અરજી લઈને સોનીને તગેડી દીધા બાદ પી.આઈ.એ ગુનાનો ઢાંક પીછોડો કરી મિડીયા સમક્ષ કહ્યું કે 'અમારા સુધી આવી કોઈ ઘટના આવી નથી..' લુંટારૂઓની સામે ગુનો દાખલ ન કરીને અડાલજ પોલીસ લુંટારૂ ટોળકીઓને છાવરતી હોય તેવુ ચિત્ર ઉપસ્યુ છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ સુભાષબ્રિજ નજીક કેશવનગરમાં રહેતા નવીનભાઈ મનહરભાઈ સોનીને અડાલજ નજીક અંબાપુર ગામમાં 'જલ્પા જ્વેલર્સ' નામની દુકાન છે. ગઈકાલે મોડી સાંજે દુકાન બંધ કરીને નવીનભાઈ દુકાનમાંથી ત્રણ તોલા સોનુ, ત્રણ કિલો ચાંદી અને રોકડ રૂ. ૧૧,૫૦૦ જેટલો માલ લઈને એક્ટીવાની ડેકીમાં મુક્યો અને ઘરે જવા ઝુંડાલ રોડ પકડ્યો હતો. કેનાલ નજીકનો અંધારીયો રસ્તો આવ્યો ત્યારે પલ્સર બાઈક પર ત્રણ સવારી લુંટારૂઓ સોની પાસે આવી પહોંચ્યા ને ચાલુ બાઈકે એક્ટીવામાંથી ચાવી ખેંચી લઈ બાઈક થોડુ આગળ જવા દીધુ. કોઈની અવર-જવર છે કે નહી તે તપાસીને થોડી જ મિનિટોમાં ત્રણેય પરત એક્ટીવા તરફ આવ્યા ત્યારે ઝડપી એક્ટીવા દોરીને અજવાળા તરફ રોડ પાસે પહોંચી જવા સોની પ્રયત્ન કરી રહ્યો હતો. ત્યાં પહોંચીને લુટારૂઓએ નલીનભાઈ સોનીને ઊંચા કરીને ઝાડીઓ તરફ ફેંકી દીધા અને ત્યાર બાદ એક્ટીવા લઈને એકાદ કીલોમીટર દૂર ગયા..! એક્ટીવાની ડેકી ખોલી અંદર પડેલા દાગીના તથા રોકડ મળી અંદાજે ૨ લાખનો માલ લુંટી લઈને એક્ટીવા જંગલ તરફ ફેંકી ત્રણેય શખ્સો પલ્સર પર રફુચક્કર થઈ ગયા હતા. સોની માંડ માંડ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને અડાલજ પોલીસને પોતાની સાથે થયેલી લૂંટ અંગે વાકેફ કરી ફરીયાદ કરવાનું કહ્યું તો જવાબ મળ્યો કે અત્યારે અરજી આપો, જરૂર જણાશે તો એફઆઈઆર દાખલ કરીશુ... લુંટ જેવા ગંભીર ગુનામાં પણ અડાલજ પોલીસ ફરિયાદ લેવામાં લાલીયાવાડી દાખવતા કામગીરી પર પ્રશ્નાર્થ ઉભો થયો છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



હરામખોર... વસીયતનામુ લખી દીધેલ કાગળ આપ્યો હોત તો સાચવીને રાખી શકત... મારી દવાનું કાગળીયું ખોઈ નાખ્યું...!!

## અખિલ ભારતીય પ્રજાપતિ મહાસંઘ દ્વારા દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૪

અખિલ ભારતીય પ્રજાપતિ (કુંભકાર) મહાસંઘ ગુજરાત પ્રદેશ દ્વારા દ્વિતિય જીવનસાથી પસંદગી મેળો આગામી તા. ૪-૬-૧૭ને રવિવારના રોજ સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.

આજનો સમય રોકેટ ગતિએ આગળ વધી રહ્યો છે. સૌ કોઈને સમયની સાથે તાલ મિલાવવો છે. કૌટુંબીક સમસ્યાઓમાંથી માણસને બહાર નીકળવુ મુશ્કેલ બનતુ જાય છે. ત્યારે દિકરા-દિકરીઓના સગપણનો પ્રશ્ન શિરદર્દ બનતો જાય છે. ત્યારે ગાંધીનગર ખાતે આયોજીત આ મેળામાં રાજ્યભરમાંથી પ્રજાપતિ સમાજના લગ્ન ઈચ્છુક યુવક-યુવતિઓ ભાગ લઈ શકશે. ત્યારે ઈચ્છુક ઉમેદવારોએ ફોર્મ મેળવીને પોપટલાલ પ્રજાપતિ પ્લોટ નં. ૧૦૯૯/૨, સે. ૩-ડી ખાતે પરત કરવાનુ રહેશે. જ્યારે યુવક-યુવતિઓની રૂ. ૫૦૦ ફી રાખવામાં આવેલ છે. જેની નોંધ લેવા સંસ્થાના પ્રમુખે જણાવ્યુ છે.





ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા અલુવા ગામે ચૈત્ર નવરાત્રીના પાંચમના દિવસે જોગણી માતાજીના ગરબા નીકળે છે. અલુવાના દરેક ઘરમાંથી માતાજીના ગરબા માથે લઈને મહિલાઓ માતાજીના સ્થાનકે મુકવા જાય છે. અલુવા ગામની ચૈત્ર નવરાત્રીની આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે. તેમ ગ્રામજનોનું કહેવું છે. જ્યારે જોગણી માતાજીનો ગરબો લઈને ગામના ઠાકોર સાહેબના ઘરેથી નીકળે છે. ત્યાર બાદ અન્ય શેરી-મહોલ્લામાંથી ગ્રામજનો જોડાય છે. આ દિવસે ગામમાં અનેરૂ ધાર્મિક વાતાવરણ જોવા મળે છે.

## ભાજપનો છઠ્ઠીએ સ્થાપનાદિન ઉજવાશે

ગાંધીનગર, તા. ૪

જિલ્લા ભાજપ અધ્યક્ષ નૈલેષભાઈ શાહની અધ્યક્ષતામાં તેમજ પ્રભારી મંત્રી નિર્મલાબેન વાઘવાણીની ઉપસ્થિતિમાં જિલ્લાના પદાધિકારી, મંડલના પ્રમુખો, મહામંત્રીઓ તથા વિસ્તારકોની બેઠક સેક્ટર-૨૧ શ્રી કમલમ કાર્યાલય ખાતે મળી હતી.

તેમાં ૬ઠ્ઠી એપ્રિલ સ્થાપના દિવસે કાર્યકર્તાઓ દરેક બુથમાં જઈ ઉજવણી કરવાની છે. તેમજ ૯ એપ્રિલના રોજ જિલ્લાની દરેક શક્તિકેન્દ્ર સીટ પર સંમેલનો કરવાના છે. તેમજ ૯ એપ્રિલ થી ૧૪ એપ્રિલ સમરસતા ટીફિન બેઠકનું આયોજન કરેલ છે. તેમજ ૧૪ એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતી પણ અનુ. જાતિ મોર્ચો તેમજ પદાધિકારી દ્વારા ઉજવણી કરવાની હોઈ દરેક કાર્યકર્તા હાજર રહેવાના છે. અંતમાં આભારવિધિ તેમજ સમગ્ર સંચાલન મહામંત્રી આઈ.બી. વાઘેલા તેમજ અનિલભાઈ પટેલે કરી હતી.

## એમ.બી. શાહ કેગના અહેવાલની ચર્ચા માટે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવા વિપક્ષની માંગ

ગાંધીનગર, તા. ૪

જસ્ટીસ એમ.બી. શાહના અહેવાલ અને કેગના અહેવાલ ઉપર ચર્ચા માટે વિધાનસભાનું ૩ દિવસનું ખાસ સત્ર બોલાવવાની માંગણી આજે વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ કરી હતી.

વિધાનસભાનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કરતા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે રાજ્ય સરકારે વિપક્ષને ગૃહમાંથી બહાર મોકલ્યા બાદ જસ્ટીસ એમ.બી. શાહનો અહેવાલ ગૃહમાં રજુ કર્યો તેમજ કેગનો અહેવાલ રજુ કર્યો જેમની એ અહેવાલ ઉપર કોઈ ચર્ચા ન થઈ શકી.

તેમણે રાજ્ય સરકાર ઉપર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે જસ્ટીસ એમ. બી. શાહનો અહેવાલ અંગ્રેજીમાં મુકવામાં આવ્યો છે. માતૃભાષામાં નકલ નહોતી મુકવામાં આવી. એટલું જ નહી અહેવાલની સોફ્ટ કોપી કે સીડી આપવી જોઈએ તે પણ આપી નથી.

આથી વિપક્ષ તરીકે આજે મે વિધાનસભા અધ્યક્ષને એક પત્ર લખીને જસ્ટીસ એમ.બી. શાહ કમિશનનો અહેવાલ અને કેગના અહેવાલ ઉપર ચર્ચા થાય અને પ્રજા જાણી શકે તે માટે વિધાનસભાનું ૩ દિવસનું ખાસ સત્ર બોલાવવાની માંગણી કરી છે.

## આજે જલારામ ધામ ખાતે રામનવમીની ભવ્ય ઉજવણી

ગાંધીનગર શહેરના વિવિધ મંદિરોમાં રામનવમીના તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. જેને અનુલક્ષી શહેરના પ્રસિધ્ધ સેકટર-૨૯ ખાતે આવેલ જલારામ મંદિરમાં પણ રામનવમીના પાવન પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જલારામ સેવા સમાજના ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર દ્વારા સવારે ૮.૩૦ કલાકે ભગવાન રામચંદ્રજીની પૂજનવિધી તેમજ સંજય ચંદુલાલ ખખ્ખરના(ડે.સેકશન ઓફિસર ગુજરાત વિધાનસભા) હસ્તે જલારામબાપાની પૂજનવિધી કરશે. જયારે સવારે ૧૦.૩૫ કલાકે જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણી દ્વારા રઘુવંશી ધ્વજવંદન, સવારે ૧૦.૪૫ કલાકે સંકીર્તન, ત્યારબાદ બપોરે ૧૨ કલાકે શ્રી રામજન્મોત્સવની ઉજવણી ઉપરાંત ભાવિભકતો દ્વારા મહાઆરતી યોજાશે. આ પ્રસંગે મોટીસંખ્યામાં ધર્મપ્રેમી જનતાને રામનવમીની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ અનુરોધ કર્યો છે. ઉલ્લેખનીય છે કે રામનવમીના પાવન દિવસે જલારામ ધામ ખાતે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન રકતદાન શિબિરનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ શિબિરમાં મોટીસંખ્યામાં ભકતજનો તેમજ નાગરીકોને રકતદાન કરવા આહવાન કરવામાં આવે છે.જયારે હનુમાન જયંતિ પ્રસંગે તા.૧૧ એપ્રિલના રોજ રાત્રે ૭.૩૦ કલાકે સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવેલ છે.



જેસીઆઈ ગાંધીનગર દ્વારા શહેરની સેક્ટર-૨૩ સ્થિત આર.સી. પટેલ હાઈસ્કૂલ ખાતે થેલેસેમિયા અવરનેસ અંગે સેમીનાર યોજાયો હતો. આ સેમીનારમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. જેઓને ડૉ. પરાગી ગાંધી દ્વારા થેલેસેમીયાના રોગ વિશે સવિસ્તાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## રાજ્યમાં માટીકલા વિકાસ નિગમની રચના માટે રજૂઆત

ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં માટીકલા વિકાસ નિગમની રચના માટે વાઘજીભાઈ એમ. પ્રજાપતિ પ્રમુખ, અખિલ કચ્છ વાગળ પ્રાવસર પ્રજાપતિ સમાજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને રજુઆત કરેલ છે.

કુંભાર કે પ્રજાપતિ સમાજ કારીગર જ્ઞાતિ છે. સર્જનશીલ સમાજ છે. માટીકામની કારીગરોની રાજ્યમાં ૪૦ લાખની વસ્તી છે. જે વંશપરંપરાગત વડિલપાર્જિત વ્યવસાય છે.

પ્લાસ્ટીક મેલેનાઈન વિવિધ મેટલ્સના વાસણો વધતાં આ ધંધા ઉપર અસર પડી છે જે ધંધો મંદ પડી ગયેલ છે.

પ્રજાપતિ સમાજ નિરક્ષર છે તે માટીના વાસણો, રમકડાં, નળીયા બનાવી જીવનિર્વાહ ચલાવે છે. નિભાડા અને ચાકડાના માધ્યમથી કુંભાર સમાજનું જીવન નિર્વાહ ચાલે છે. આ ધંધામાં કચ્છમાં માજોડી કુંભાર પણ જોડાયેલા છે. આ રીતે સર્વ સંપ્રાદયવાળો માટીકામનો ધંધો છે. જે માટે વિકાસ નિગમની તાતી જરૂરિયાત છે.



તાજેતરમાં 'બાગ્માર પ્લાઝા' જમાલપુર ચાર રસ્તા અમદાવાદ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ અંગે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં ગાંધીનગર જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પેરાલીગલ વૉલન્ટીયર જયરામભાઈ સોનીએ સંબોધન દ્વારા ટીનએજર્સ યુવક-યુવતી, વિદ્યાર્થીઓમાં ઉંમરના કારણે અનુભવતા શારિરીક અને માનસિક ફેરફારો, બોર્ડની પરીક્ષાને લીધે થતી મુંઝવણ દૂર કરવા અને સફળતા મેળવવા પ્રેરણા પુરી પાડી હતી. જીવનમાં સકારાત્મકતા, નિયમિતતા, અપનાવવા, વર્તમાનમાં રહેવા જણાવ્યુ હતુ. પ્રશ્નોત્તરી દરમ્યાન વ્યક્તિગત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

## ગાંધીનગર ખાતેથી વિશ્વ આરોગ્ય દિવસે મુખ્યમંત્રીશ્રીના હસ્તે "આરોગ્ય સેતુ"નો રાજ્યવ્યાપી શુભારંભ કરાશે

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા.૭ એપ્રિલ એટલે કે "વિશ્વ આરોગ્ય દિવસ" નિમિત્તે રાજ્યમાં સબ સેન્ટરો ખાતે આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારતી નવતર સેવાઓ રાજયના લોકોને ઉપલબ્ધ કરાવવાના હેતુથી "આરોગ્ય સેતુ"નો રાજ્યવ્યાપી શુભારંભ સવારે ૯-૦૦ કલાકે ગાંધીનગર ખાતેથી કરવામાં આવશે.

GMERS મેડિકલ કૉલેજ, ઓડિટોરીયલ હૉલ સિવિલ હોસ્પિટલ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી તેમજ અતિથિવિશેષ તરીકે ગુજરાત વિધાનસભા ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર અને ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહેશે, તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું છે.

## ગાંધીનગર મહાનગર યુવા મોરચાના પ્રમુખ પદે અમીતભાઈ પટેલની વરણી



ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મહામંત્રીશ્રી કે.સી.પટેલ અને યુવા મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ડૉ. ઋત્વિજભાઈ પટેલની સુચનાથી ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા જણાવ્યુ છે કે ગાંધીનગર મહાનગરના યુવા મોરચાના પ્રમુખ તરીકે શ્રી અમીતભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.





## ચિલોડામાં ભવ્યાતિભવ્ય ભકિત-સત્સંગ કાર્યક્રમ યોજાયો

તાલુકાના ચિલોડા મોટા ખાતે વિશાળ ચોકમાં ભવ્ય ભજન કિર્તન સત્સંગનો અનોખો કાર્યક્રમ ચકુમાસીના સાંનિધ્યમાં યોજાયો હતો. સૌ પ્રથમ ભવ્ય ભજન કિર્તન કાર્યક્રમ જય નારાયણ ભજન મંડળ સરઢવ-અમદાવાદના યુવા ભકતોના વૃંદે સંગીત સુરાવલી અને પ્રાચીન ભકિતગીતોના સથવારે વિવિધ વેશભુષા સહિત પાત્રોની સચોટ રજુઆત દ્વારા ગણપતિ, શંકરભગવાન, હનુમાનજી, બહુચરમા, રામાપીર, વીરભાથીજી, રાધા કૃષ્ણ, કૃષ્ણ સુદામા, વાસુદેવ કૃષ્ણ વગેરે નાટયાત્મક સંવાદ અને ભકિતગીતો રજુ કરી ભાવક ભકતોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે પૈસા અને ગુલાબની કળીઓનો વરસાદ વરસતા સૌ ગ્રામજનો આનંદવિભોર બન્યા હતા.

## ''ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગર

### ગણવેશ કાપડ - બુટ પુરા પાડવા અંગેના ટેન્ડર ભાવ

'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી હસ્તકના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારી / કાયમી રોજમદાર તથા ડ્રાઈવરો માટે ગણવેશનું કાપડ સિલાઈ સાથે તેમજ બુટ પુરા પાડવા જે કોઈ રસ ધરાવતા હોય તેવા વ્યક્તિ / સંસ્થા / ઈજારદારોએ કે જેઓ રજીસ્ટ્રેશન અને પાનકાર્ડ ધરાવતા હોય તેઓશ્રી પાસેથી જગ જાહેર નિવિદા તળે ભાવો મંગાવવામાં આવે છે કે મજકુર જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦ સુધીમાં નીચેના સરનામે રજીસ્ટ્રેશન અને પાનકાર્ડ નકલ સાથે અરજી તથા રૂ. ૧૦૦૦/- રોકડા (અંકે રૂપિયા એક હજાર પુરા) (નોન રીફંડેબલ) અથવા નિયામકશ્રી, 'ગીર' ફાઉન્ડેશન, ગાંધીનગરના નામે ડી.ડી. / ચેક દ્વારા ભરી કોરા ટેન્ડર ફોર્મની નકલ મેળવવી. ટેન્ડરની શરતો / જોગવાઈઓ અનુસાર બંધ કવરમાં ભાવો ભરી, જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૫માં જે તે ટેન્ડર કોપીમાં સૂચિત કરેલ તારીખ સુધીમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અત્રે મળે તે રૂએ મોકલી આપવાના રહેશે.

**સરનામું : 'ગીર' ફાઉન્ડેશન, ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેક્ટર-૭ 'જ' રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭ ફોન નં. (૦૭૯) ૨૩૯૭૭૩૦૦/૩૧**

**નાયબ નિયામક
આર. એન્ડ ડી.,
'ગીર' ફાઉન્ડેશન,
ગાંધીનગર**

માહિતી/૨૩/૧૭-૧૮